એસએસઆર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અને રિસર્ચમાં 'જેસ્ટ એટ આઈએમઆર ૨૦૧૯'નું સફળ આયોજન કરાયું

NAVSHAKTI MAHILA SANGATHAN
(તસ્વીર:-અશોક જોષી, વલસાડ)

(પ્રતિનિધિ) વલસાડ,

સેલવાસ સાયલી સ્થિત એસ.એસ.આર. ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટમાં તા.૧૨મી જાન્યુઆરીના રોજ રાજયસ્તરીય બે દિવસીય સ્પર્ધા 'જેસ્ટ એટ આઈએમઆર-૨૦૧૯'નું સફળ સમાપન પુરસ્કાર વિતરણ સમારોહ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત પ્રતિભાને ખિલવવા કોલેજમાં વિવિધ નવી-નવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. ટ્રસ્ટના ચેરમેન શ્રી મોહનભાઈ એસ. ડેલકરનો યુવાઓ માટે હંમેશા લગાવ રહ્યો છે. આ જ શ્રેણીમાં 'જેસ્ટ એટ આઈએમઆર- ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સેલવાસથી લઈ સુરત તથા પશ્ચિમ મહારાષ્ટ્રની ૧૫ કોલેજોમાંથી કુલ ૨૧૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધકોના મૂલ્યાંકન હેતુ ઈન્ડસ્ટ્રી તથા આઈએમઆરના પૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા તેમજ નિર્ણાયકગણ દ્વારા કઠિન પરિશ્રમ બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

આ અવસરે બોરડી કોલેજ, મહારાષ્ટ્રના પ્રિન્સીપાલ અને બી.મહેતા, ડો. અંજલી કુલકર્ણી તથા સેલવાસ સ્થિત એચપીપીએલ કંપનીના એચ.આર. હેડ શ્રી શાહિદ આજમી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તમામ સ્પર્ધકોને તથા વિદ્યાર્થીઓના ઉત્સાહને પ્રોત્સાહિત કરતા વિજેતાઓને ઈનામ વિતરણ કર્યા હતા.

આ અવસરે આઈ.એમ.આર.ના નિર્દેશિકા ડો. પ્રવીણા એસ. મૂલે ઉપસ્થિત રહી સ્પર્ધકો તથા વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યુ હતું. પુરસ્કાર વિતરણ સમારોહમાં વિજેતાઓને જ નહિ, પરંતુ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં વિવિધ સ્પર્ધામાં વિજેતા થયેલા. વિદ્યાર્થીઓમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં શાહ એચ.એન.કોમર્સ કોલેજ વલસાડની વિદ્યાર્થીની સિમરન યાદવ અને શિવાની ગુપ્તા તેમજ એસ.એસ.આર. કોલેજ ઑફ આર્ટ્સ એન્ડ કોમર્સ અને સાયન્સ સેલવાસના વિદ્યાર્થી કેશવ કે.સી. તથા અપૂર્વ ચૌધરી ઉપવિજેતા રહ્યા હતા. બેસ્ટ આઉટ ઓફ ન્યુઝપેપર સ્પર્ધામાં બી.એસ. કોલેજ વાપીના વિદ્યાર્થી મનોજ જૈન, દીપક ગજરા, તથા સ્મિત પોલડિયા વિજેતા રહ્યા હતા. તથા એસ.એસ.આર કોલેજ ઓફ આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ સેલવાસની વિદ્યાર્થીની ભાગ્યશ્રી મરાઠે ઉપવિજેતા બની હતી.

એડ મેડ શોની સ્પર્ધામાં એસ.એસ.આર. કોલેજ ઓફ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ સેલવાસના વિદ્યાર્થીઓ પ્રતિકા મહાલા, હર્ષિતા ભગત, સના શેખ, કૃપેશ મહાર થતા સાફિયા શેખ વિજેતા બન્યા હતા. જયારે બી.એસ. કોલેજ વાપીના વિદ્યાર્થીઓ નિશા પ્રકાશ, ખુશી જોશી, મનોજ જૈન, અવિનાશ સિંહ તથા ગાયત્રી બિષ્ટ ઉપવિજેતા બન્યા હતા. પ્રેઝેન્ટેશનની સ્પર્ધામાં આઈ.એચ.એમ.સી.ટી. કરાડના વિદ્યાર્થી યુવરાજ નરુલા વિજેતા બન્યા હતા, જયારે શ્રી વિનોબા ભાવે કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાથીનીઓ સ્નેહા જેમ્સ, સબીહા શેખ અને દીક્ષા સિંહ ઉપવિજેતા બની હતી.

ગ્રુપ સિંગિંગ સ્પર્ધામાં એસ.એસ.આર. કોલેજ ઓફ આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ સેલવાસના વિદ્યાર્થીઓ એલીજાબેથ, સના શેખ, નિહારીકા સામેલ, શિજિલ ફિલિપને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જયારે શ્રી વિનોબા ભાવે કોલેજ ઓફ નર્સિંગની વિદ્યાર્થીનીઓ અનુજા નાયર, તન્વી પટેલ, સ્નેહા જેમ્સ, મિશ્રા દામિની તથા લિજી જોસફ ઉપવિજેતા બની હતી.

સોલો સિંગિંગ સ્પર્ધામાં આર.કે. દેસાઈ કોલેજ વાપીની વિદ્યાર્થીની રૂકમણી યાદવ વિજેતા બની હતી, જયારે આઈ.એચ.એમ.સી.ટી. કરાડના વિદ્યાર્થી સત્યમ દુગડ ઉપવિજેતા બન્યો હતો. ક્વિઝ શોની સ્પર્ધામાં પ્રતિકા મહાલા તથા ઉજ્જવલા ડ્રોલિયા વિજેતા અને બી.કે.એમ. સાયન્સ કોલેજ વલસાડના વિદ્યાર્થી નિરવ ત્રિવેદી તથા ભૂષણ કિશનરાવ ઉપવિજેતા બન્યા હતા.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક વર્ષોથી જેસ્ટ સ્પર્ધાનું આયોજન આઈ.એમ.આર.માં થતું આવ્યું છે તથા આ સ્પર્ધા જાન્યુઆરી મહિનામાં યોજાતી હોવાથી સ્પર્ધા પ્રત્યે આજુબાજુની કોલેજોમાં પણ ઉત્સુકતા વધી જાય છે. આ સમગ્ર કાર્યક્રમની સફળતામાં ઈન્સ્ટિટયૂટના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનું યોગદાન રહ્યું છે.

એસએસઆર આઈ.એમ.આર.ના નિર્દેશિકા ડો. પ્રવિણા એસ. મુલેએ સમગ્ર એસએસઆર પરિવારની તથા સ્પર્ધાના સફળ આયોજન માટે તમામ વિદ્યાર્થીઓનો તથા શિક્ષકોને શુભેચ્છા પાઠવી તેમજ તેમણે શિક્ષણ પ્રત્યે પોતાની નિષ્ઠાને સદૈવ વિદ્યાર્થીઓના હિતમાં પ્રસ્તુત કરવાનો સંકલ્પ લીધો હતો.★

અંકલેશ્વરમકાં સગીરા પર બળાત્કાર ગુજારવાના ગુનામાં આરોપીને ૧૦ વર્ષની સખ્ત સજા

ભોગ બનનાર સગીરાને રૂા.૩ લાખ વળતર ચૂકવવા પણ ભરૂચ કોર્ટનો હુકમ

(પ્રતિનિધિ) ભરૂચ,

તા.૧૬.૧.૧૯ ભરૂચ-અંકલેશ્વર અંકલેશ્વરમાં પ્રેક્ટીસ કરતા મહિલા ડોકટરો કે જેમનું પરિવાર બનાવના છેલ્લા બે વર્ષથી અંકલેશ્વર સને- ૨૦૧૩ની સાલમાં આવેલું અને આ મહિલા ડોકટરનું પરિવાર અંકલેશ્વર જીઆઈડીસીમાં સ્થાયી થયેલું હતું જેમાં બે દીકરા પૈકી મોટો દીકરો યુપીમાં અભ્યાસ કરતો હતો અને એક ૩ વર્ષનો દીકરો તેમજ ૧૨ વર્ષની નાની દીકરી અને ભોગ બનનાર સગીરા દીકરી ઉ.વ.વર્ષ ૧૪ ની સાથે રહેતો હતો જે પરિવારને તેમની ઘરની નજીક આવેલ મોબાઈલ અને ફોટો સ્ટુડીયોની દુકાન ચલાવતા બે સંતાનોના પિતા આરોપી પ્રકાશ ચંદ્રશેખર બરાલ સાથે પારીવારીક સંબંધ બંધાયેલા હતા અને આરોપી પ્રકાશ બરાલની દુકાને મહિલા ડોકટર તેમજ પરિવારના સભ્યો મોબાઈલ રીચાર્જ કરાવવા જતાં આવતા હતા જેના કારણે ઓળખાણ થયેલી એટલું જ નહી આરોપી પ્રકાશ બરાલ બિમાર હોય ત્યારે વારંવાર મહિલા ડોકટર કૌટુંબિક પારિવારિક સંબંધ હોવાથી આરોપીની સારવાર પણ કરતા આવેલા હતા અને આરોપી અવાર-નવાર મહિલા ડોકટરના ઘરે આવતો જતો હતો અને ભોગ બનનાર સગીરા દીકરી ઉ.વ.૧૪ ને પોતાની નાની બહેન માનતો અને રક્ષાબંધનના પવિત્ર દિવસે ભોગ બનનાર પાસે આરોપી રાખડી પણ બંધાવતો હતો. પરંતુ આરોપીની દાનત શરૂઆતથી મહીલા ડોકટરના પરિવારની સગીર ભોળી માસુમ દીકરી ઉપર બગડેલી હતી જેનાથી અજાણ મહિલા ડોકટર અને તેનો પતિ આખો દિવસ મોટા ભાગે કલીનીક ઉપર હોય ત્યારે આરોપી તેમના ઘરે સતત આવતો જતો હોવાથી બનાવના દિવસે આવીને ભોગ બનનાર દીકરી અચાનક જણાવેલ કે "તુ મને ગમે છે હું તને લાઈક કરૂ છું" પટાવા ફોસલાવાનો પ્રયત્ન કરેલો પરંતુ ભોગ બનનાર સગીરા તાબે ના થતાં જાનથી મારી નાંખવાની અને આરોપીએ પોતાના હાથની નસ કાપી નાંખી આપઘાત કરી પરિવારના મોઢા ઉપર એસીડ છાટી ચહેરો બગાડી દેશે એવી ધમકી આપી નાની દીકરી મુસ્કાનને ઘરના બીજા રૂમમાં પુરી દઈને બે સંતાનોના પિતા એવા આરોપી પ્રકાશ ચંદ્રશેખર બરાલે ભોગ બનનાર સગીરા ઉપર બળાત્કાર કરેલો હતો આરોપીની ધમકી અને ડરના કારણે તેણી તેના માતા-પિતા ઘરે આવતા આ તમામ હકીકત જણાવી શકેલી નહી અને ડરી ગયેલી હતી.

આરોપી આ રીતે અવાર-નવાર ભોગ બનનાર પરિવારના ઘરે આવતો હતો અને અંગત સંબંધને લીધે માતા-પિતા કલીનીક ઉપર હોય ત્યારે ઘરે બાળકોની એકલતાનો લાભ લઈ અવાર-નવાર ભોગ બનનાર અને તેની નાની બહેનને ડરાવી-ધમકાવી પરિવારના સભ્યોને જાનથી મારી નાખશે એવી ધમકીઓ આપી અમાનુષી અત્યાચાર કરી વારંવાર બળાત્કાર કરતો હતો જેના કારણે ભોગ બનનાર સતત ડરેલી રહેતી અને માતા-પિતાને આ વાત કરતાં પણ ડરતી હતી અને મુંગેમોઢે આરોપીનો શારીરિક- માનસીક અત્યાચાર સહન કરતી હતી આરોપીના અમાનુષી અત્યાચાર અને વારંવાર ના બળાત્કારથી ભોગ બનનારને ગર્ભ રહી ગયેલો અને આરોપીએ દવા લાવીને આપતા ભોગ બનનારની તબીયત લથડતા મહિલા ડોકટરને તમામ બનાવની જાણ થયેલી અને સમાજમાં આબરૂ જવાની બીકે આરોપી સાથે સમાધાન કરી લીધેલું હતું પરંતુ ભણેલા ગણેલા લોકો અને એ પણ ડોકટર કક્ષાના વ્યક્તિ આવી ગંભીર બાબત પ્રત્યે દુલક્ષ સેવે તો ગંભીર ગુનાને વધુ મોટો અંજામ આપતા હોય છે અને તેવો ઘટનાક્રમ આ ગુનાના કામે આરોપી ફરીથી ભોગ બનનારના માતા-પિતા કલીનીક ઉપર જતાં ઘરના દરવાજાની જાળી ચાવીથી તોડી અંદરનો દરવાજો ખોલીને ઘરમાં પ્રવેશેલો અને ભોગ બનનારની નાની બહેનને બાજુના રૂમમાં પુરી સગીરાને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી પાશવી બળાત્કાર કરેલો અને જતો રહેલો ત્યારબાદ ફરીયાદી માતા-પિતા ઘરે આવેલો અને બનાવની જાણ થતાં પોલીસમાં ફરિયાદ આપવાની તૈયારી કરેલી ત્યારે આરોપી ફરીયાદી- મહિલા ડોકટરને ગમે તેવી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલી હતી.

આમ આરોપી પ્રકાશ બરાલ પોતે પરણિત હોવા છતાં મહિલા ડોકટરના પરિવાર સાથે સંબંધ કેળવી તેઓની માસુમ દીકરી સગીરાને લાલચ આપી પટાવી ફોસલાવી તેણી તાબે ના થતા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી પોતે આપઘાત કરી તેણીના પરિવારને ફસાવી દેશે તેવી ધમકી આપી, ભોગ બનનાર છોકરી સગીર વયની હોવાનું આરોપી જાણતા હોવા છતાં તેણીની મરજી વિરૂધ્ધ અવાર-નવાર બળાત્કાર કરેલો હતો અને તેની ફરીયાદ તા.૧૧.૬.૧૬ના રોજ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટે.માં નોંધાયેલી હતી.

આરોપીની ધરપકડ થયા બાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતાં ફરીયાદ પક્ષનો કેસ ભરૂચના એડીશનલ એન્ટ ડી.સે.જજ વ્યાસની કોર્ટ સમક્ષ ચાલી જતા આરોપી વિરૂધ્ધનો બળાત્કાર તેમજ બાળકોના જાતીય અત્યાચાર અને શોષણનો ગુનો સાબિત થતા ફરીયાદ પક્ષ તરફે સરકારી વકીલ પરેશ પંડયાની દલીલો અને સાથે રજુ ચુકાદાઓને વંચાણમાં લેતા તા.૧૬.૧.૧૯ ના રોજ આ ગુનાના કેસના આરોપી પ્રકાશ ચંદ્રશેખર બરાલને પ્રોટેકશન ઓફ ચીલ્ડન ફોર્મ સેકસ્યુલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ની કલમ-૪ અને કલમ-૪ (બાળકોના જાતીય શોષણ અને અત્યાચાર વિરૂધ્ધના ગુના)ની કલમ-૪ મુજબ કસુરવાર ઠેરવી ૧૦ વર્ષની સખત સજા અને ભોગ બનનારને રૂપિયા ૩ લાખ તરીકે આરોપીએ વળતર ચુકવવાનો હુકમ કરેલો છે તેમજ વીકટીમ કમ્પેશેશન સ્કીમ હેઠળ પણ ભોગ બનનારને વળતર આપવા લીગલ ઓથોરીટીને ભલામણ કરી છે.★

લગ્નની કંકોત્રી આપવા જતા પરિવારની કાર સાથે કાર ભટકતા પુત્ર-માતા સહીત ૩ના મોત

(પ્રતિનિધિ) મોડાસા,

અરવલ્લી જીલ્લામાં જીવલેણ અકસ્માતો છાસવારે બનતા જ રહે છે જીલ્લાના માર્ગો પરથી પસાર થતા કેટલાક વાહન ચાલકો તો ફોર્મ્યુલા-૧ ની રેસમાં ભાગ લઈ રહ્યા હોય તેમ અન્ય વાહનચાલકોની વિચાર કર્યા વગર બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી નિર્દોષ વાહનચાલકો ભોગ બનતા હોય છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના લાલજીના પહાડીયા ગામના પટેલ પરિવાર સાથે યમરાજાએ ક્રૂર મજાક કરી હોય તેમ લગ્ન પ્રસંગની કંકોત્રી મુકવા જતા પરિવારની કાર સાથે વાવડી ગામ નજીક અન્ય એક કાર ભટકતા ગમખ્વાર અકસ્માત થતા કારમાં સવાર માતા-પુત્ર અને પિતરાઈ ભાઈનું મોત નિપજતા અને અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા ખુશીનો માહોલ માતમ માં ફેરવતા ભારે ચકચાર મચી હતી માલપુર પંથક સહીત અરવલ્લી જીલ્લામાં ભારે ગમગીની છવાઈ હતી પ્રાપ્ત માહિતી અનુસાર, માલપુરના લાલજીના પહાડીયા ગામે પટેલ પરિવારમાં લગ્નપ્રસંગ લેવાતા ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો ત્યારે "ના જાણે જાનકીનું થશે" ની કહેવતને યર્થાત ઠેરવતી ઘટના બનતા લગ્ન ગીતોના બદલે મરસીયા ગવાયા હતા મંગળવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે લગ્ન પ્રસંગની કંકોત્રી આપવા કાર લઈ નીકળેલા પરિવારની કાર સાથે માલપુરના વાવડી ગામ નજીક અન્ય કારે સામે થી અથડાવતાં બંને કારના ફૂરચેફૂરચા નીકળી ગયા હતા કારમાં સવાર ૧) પ્રેમિલાબેન પટેલ ૨) ખીલન પટેલ (માતા-પુત્ર) અને પિતરાઈ ભાઈ વિજય પટેલનું મોત નીપજ્યું હતું અન્ય બે લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા અકસ્માતના પગલે પરિવારજનો પહોંચી ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણ શોકમગ્ન બન્યું હતું અકસ્માતના અને પટેલ સમાજના અગ્રણીઓ અને આગેવાનો દોડી આવ્યા હતા માલપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકોના મૃતદેહને પીએમ માટે ખસેડી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.★

ARMY DAY
SALUTE OUR BRAVE SOLDIERS
ખેડા જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા તા.૧૫ જાન્યુઆરી- આર્મી- ડે નિમિત્તે આર્મીમાં ફરજ બજાવતા અને હાલમાં રજા ઉપર આવેલ સેવા મતદારો એવા સૈનિકોનું સન્માન કરાયું.આપણા વીર સૈનિકો અને શહિદ પરિવારો માટે સેવા કાર્ય કરતી ૧૫ વર્ષીય નડીઆદની વિધિ જાદવને સાથે રાખી રજા ઉપર આવેલા સૈનિક- સેવા મતદારોનું જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા સન્માન કરવામાં આવેલ. જેમાં ૧૨૦- કપડવંજ વિધાનસભાના સેવા મતદારો પૈકી (૧) શ્રી મુકેશભાઈ કાંસકીવાલા, (૨) શ્રી નરેશભાઈ કાંસકીવાલા તથા (૩) શ્રી શાહીનઅલી સૈયદનું તેઓના ઘરે મુલાકાત લઈને તેઓનું સન્માન કરવામાં આવેલ. તેમજ તેઓને સેવા મતદારોની નોંધણી અને ચૂંટણી સમયે કરવાના મતદાન અંગેની પ્રવૃતિની પણ સમજણ આપવામાં આવેલ.(તસ્વીર:- સાજીદ સૈયદ, નડિયાદ)

દમણની એકમાત્ર વૈદિક ડેન્ટલ કોલેજમાં મંગળવારે મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે કાઈટ ફ્લાઈંગ ફેસ્ટિવલનું આયોજન થયું હતું. આ આયોજનમાં ટ્રસ્ટી તથા સેક્રેટરી અસ્પી દમણીયા અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા રંગબેરંગી પતંગોથી સમગ્ર કોલેજનું સુશોભન કરાયું હતું તમામ સ્ટાફે પણ આ મહોત્સવમાં ભાગ લીધો હતો. (તસ્વીર:- અશોક જોષી, વલસાડ)

શહેર-જિલ્લાના એકસો પચીસથી વધુ તબીબોને ગર્ભ પરિક્ષણ અને નિદાન નિયંત્રક કાયદા (પીસીએન્ડ પીએનડીટી એક્ટ) ના અમલીકરણની સમજ આપવામાં આવી

P.N.D.T.
Workshop

વડોદરા,

વડોદરા ખાતે પીસી એન્ડ પીએનડીટી એક્ટ અન્વયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વડોદરા જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા આયોજિત કાર્યક્રમને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદય ટીલાવત, પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીના સુષ્માબેન બક્ષી સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી ખૂલ્લો મૂક્યો હતો.

શાબ્દિક સ્વાગત અને કાર્યક્રમની રૂપરેખા આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. ઉદય ટીલાવતે જણાવ્યું કે, સમગ્ર રાજય-રાષ્ટ્રમાં સ્ત્રી-પુરુષ જન્મદરનું સમતોલન ખોરવાઈ રહ્યું છે ત્યારે જાતિય પરીક્ષણ જેવું શરમજનક કૃત્ય ન થાય તે જોવાની જવાબદારી સર્વ સ્ત્રી રોગ નિષ્ણાંતોની છે. તબીબી વિજ્ઞાનમાં સ્ત્રી રોગ તબીબી સારવાર નિષ્ણાંતોને તેના અભ્યાસ અને શાખાને વધુ મહત્વ આપવામાં આવે છે. સમાજમાં પણ ગાયનેકોલોજીસ્ટસનું વિશેષ મહત્વ છે. જાતિય પરીક્ષણ અને ભ્રુણ હત્યા જેવી પ્રવૃત્તિઓ ન થાય તે જોવાની ફરજ અને જવાબદારી આપણા સર્વની છે, તેમ ડૉ. ટીલાવતે વધુમાં કહ્યુ હતુ. તેમણે તબીબી વિજ્ઞાનની સાથોસાથ કર્મના સિદ્ધાંતને સ્વીકારી ગાયનેક તરીકેની પ્રેકટિસ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે રાજય સરકારના 'બેટી બચાવો બેટી પઢાઓ બેટી વધાવો' અભિયાનને સાર્થક કરવા સહકાર-સમન્વય આપવા જણાવ્યું હતુ. સમાજ, રાજય અને રાષ્ટ્રના હિત માટે PC & PNDT કાયદાની ઉપયોગિતા વિશે પણ તેમણે માહિતી આપી હતી. પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીના સુષ્માબેન બક્ષીએ જણાવ્યુ હતુ કે, સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવવા માટે વિવિધ જનજાગૃતિલક્ષી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. વહીવટી તંત્ર-આરોગ્ય તંત્ર અને સ્ત્રી રોગ નિષ્ણાંતોના સહયોગથી 'બેટી બચાવો બેટી વધાવો બેટી પઢાઓ' અભિયાન સાર્થક થઈ શકે. અલ્ટ્રા સોનોગ્રાફી મશનીનો દુરૂપયોગ ન થાય તે માટે જરૂરી તમામ કાળજીઓ લેવા તેમણે જણાવ્યું હતુ. ગાયનેકોલોજીસ્ટ સોસાયટી વડોદરાના મિનાક્ષીબેન પટેલે જણાવ્યું હતુ કે, બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન સાર્થક કરવા જાતિ પરીક્ષણ અટકાવીએ અને તે માટે જાગૃતિ લાવવા કટિબદ્ધ બનીએ. સિનિયર ડૉ. એ.એ.પઠાણે જણાવ્યું કે, જાતિ દર ઘટી રહ્યો છે ત્યારે સમાજમાં સ્ત્રીઓના જન્મદરને ઘટતો અટકાવવાનું સામાજિક દાયિત્વ આપણા સર્વનું છે. સમાજનો માઈન્ડ સેટ અને મેડિકલ બદલાવવા ટેકનોલોજીનો મિસયુઝ ન થાય તે જોવા ગાયનેકોલોજીસ્ટસે વધુ કાર્યરત થવા તેમણે કહ્યુ હતુ.

વીરપુર તાલુકાના ખરોડ ગામે જંગલી જાનવરે ગાયને ફાડી ખાતા ગામ લોકોમાં ફફડાટ

વીરપુર,

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ખરોડ તાંબે નવા મુવાડામાં જંગલી જાનવરે રાત્રીના સમયે ઘર પાસે બાંધેલ ગાય પર હુમલો કરી ફાડી ખાતા ગામ લોકોમાં ભઈ ફેલાયો હતો. વીરપુરના ખરોડ તાંબે નવા મુવાડા ગામે પ્રાથમિક શાળા પાસે રહેતા શેખ અબ્બાસભાઈ ગફુરભાઈ ના ઘર ની બાજુમાં ગાયો બોધવાના સેડમાં આશરે ચાર થી પાંચ જેટલી ગાયો બાંધેલ હતી. ત્યારે રાત્રીના સમયે એક વાગ્યાના સુમારે જંગલીમાંથી જંગલી જાનવર આવી તેમના શેડમાં બાંધેલ ગાયને ગળાના ભાગે ફાડી ખાઈ મરણ કરતા ગ્રામજનોમાં ભઈનો માહોલ ફેલાયો હતો. જયારે ગામના ખેડૂતો ખેતરમાં ખેતી કરવા જવા માટે પણ ગભરાય છે તો બીજું બાજુ બાળકો શાળાએ આવતા પણ ગભરાય છે. જયારે આબતે ઘર મલિકે ફોરેસ્ટ વિભાગને જાણ કરતાફોરેસ્ટ વિભાગના અધિકારી તથા વેટેનરી ડોક્ટર ની ટિમ ગટના સ્થળે પોચી તજવીજ હાથ ધરી હતી.

મેઘરજના બાંઠીવાડા પ્રા. આરોગ્ય કેન્દ્રનુ મુખ્ય માર્ગ પર બોર્ડ ન લગાવાતા દર્દીઓને હાલાકી

(પ્રતિનિધિ) મેઘરજ,

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રામગઢી રોડ ઉપર આવેલ બાંઠીવાડામાં મુખ્ય માર્ગથી અંદરની બાજુએ બાંઠીવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે જે આરોગ્ય કેન્દ્ર ઉપર રોજના અસંખ્ય દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે ત્યારે આ પ્રા.આરોગ્ય કેન્દ્ર મુખ્ય માર્ગથી અંદરની બાજુએ આવેલ હોવાથી અને મુખ્ય માર્ગ ઉપર માર્ગ અને મકાન વિભાગ ધ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનુ દિશાસુચક બોર્ડ ન લગાવતા સારવાર અર્થે આવતા દર્દીઓને અને પ્રા.આરોગ્ય કેન્દ્ર ની તપાસમાં આવતા ઉચ્ચ અધિકારીઓ પ્રા.આરોગ્ય કેન્દ્ર શોધવા ધોખે ચડે છે ત્યારે તાકીદે તંત્ર ધ્વારા બાંઠીવાડા પ્રા.આરોગ્ય કેન્દ્રનુ મુખ્ય માર્ગ ઉપર બોર્ડ લગાવવામાં આવે તેવી પંથકની પ્રજામાં માંગ ઉઠી છે.★

અછતગ્રસ્ત તાલુકાના ખેડુતો કૃષિ સહાય માટે તા. ૩૧ જાન્યુ. સુધી અરજી કરી શકાશે

(માહિતી બ્યુરો) પાલનપુર,

બનાસકાંઠા જિલ્લાના ખેડુતોને જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે કે, ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માં રાજ્યના દુષ્કાળગ્રસ્ત ૫૧ તાલુકાઓ પૈકી બનાસકાંઠાના જિલ્લાના ડીસા, લાખણી, કાંકરેજ, ધાનેરા, સુઇગામ, ભાભર, દિયોદર, વાવ, થરાદ અસરગ્રસ્ત તાલુકાઓમાં ખેડુતોને ૨ હેક્ટર સુધીની કૃષિ ઈનપુટની સહાય આપવાની ઠરાવેલ છે. અસરગ્રસ્તોને કૃષિ ઈનપુટ સહાયની અરજી કરવા પુરતી સમયમર્યાદા મળી રહે તથા ભવિષ્યમા કોઈ અરજદારની અરજી રહી જવા અવકાશ ન રહે તે માટે આવી નુકશાની સબબની અરજીઓ સ્વીકારવા "કટ ઓફ ડેટ તા.૩૧/૦૧/૨૦૧૯" જાહેર કરેલ છે. બનાસકાંઠા જિલ્લાના અસરગ્રસ્ત ખેડુતોએ નિયત નમૂનામાં અરજીની જરૂરી વિગતો ભરીને તેની સાથે ૮અ, ૭/૧૨ની ચાલુ સાલના પાકના વાવેતરની નોંધ સાથેની નકલ તથા બેંક પાસબુકની નકલ IFSC CODE સાથે રદ કરેલ ચેક જોડીને આપવાની છેલ્લી તા. ૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં જે તે ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી પાસે જમા કરાવવાની રહેશે.

કાયલ સિક્યોરિટિઝ લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસ : શોપ નંબર ૧, ન્યુ કલોથ માર્કેટ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ - 380 002 Tel No. : (079) 29702983
Email ID : Kayelsecurities@gmail.com Web: www.Kayelsecurities.com
CIN No : L29219GJ1983PLC028990
૩૧મી ડીસેમ્બર 2018 ના રોજ પૂરા થતા ત્રિમાસીક અને નવ માસ ના ગાળા માટેનું અનઓડિટેડ નાણાકીય પરિણામોનું તારણ (લાખમાં રૂા.)(ઈપીએસ સિવાય)

અનુ. નં.	વિગતો	31/12/2018 ના રોજ પૂર્ણ થતાં ત્રિમાસીક માટે અનઓડિટેડ	31/12/2018 વર્ષ માટે આજની તારીખ સુધી અનઓડિટેડ	31/12/2017 ના રોજ પૂર્ણ થતાં ત્રિમાસીક માટે અનઓડિટેડ
1	કામગીરીઓમાંથી કુલ આવક	7.41	22.36	6.69
2	આ સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકશાન) (વેરા અગાઉ, અપવાદરૂપ અને / અથવા અસાધારણ આઈટમો)	5.40	12.93	3.86
3	વેરા અગાઉ આ સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકશાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ આઈટેમો પછી)	5.40	12.93	3.86
4	વેરા પછી આ સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકશાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ આઈટેમો પછી)	3.73	9.41	3.68
5.	આ સમયગાળા માટે કુલ વ્યાપક આવક [આ સમયગાળા માટે નફો / (નુકશાન) સહિત (વેરા પછી) અને અન્ય વ્યાપક આવક (વેરા પછી)]	3.73	9.41	3.68
6	ઈક્વિટી શેર મૂડી	300.50	300.50	300.50
7	અનામતો (આગલાં વર્ષના પાકાં સરવૈયા મુજબ પુનઃ મૂલ્યાંકન અનામતો સિવાય)	—	—	—
8	શેરદીઠ કમાણી (પ્રત્યેક રૂા.10/- સામે) (કાર્યરત અને બિનકાર્યરત કામગીરીઓ માટે)			
	(એ) મૂળભૂત	0.12	0.31	0.12
	(બી) ડીલ્યુટેડ	0.12	0.31	0.12

નોંધ : (1) સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, 2015ના રેગ્યુલેશન 33 હેઠળ સ્ટોક એક્ષ્ચેન્જ સમક્ષ ફાઈલ કરાયેલ ત્રિમાસીક સમય ગાળાના નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનું ઉપરોક્ત તારણ છે. પૂર્ણ થયેલ ત્રિમાસિક સમય ગાળાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્ષ્ચેન્જ વેબસાઈટ (www.bseindia.com) અને કંપની વેબસાઈટ (www.kayelsecurities.com) ઉપર ઉપલબ્ધ છે.

વતી, કાયલ સિક્યોરિટિઝ લિમિટેડ
રાહુલ કાંતિલાલ કાંકરીયા
મેનેજિંગ ડિરેકટર (DIN : 00294747)
સ્થળ : અમદાવાદ
તારીખ : 16/01/2019

બાયડના દહેગામડાના યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો

ઈંડાની લારીનું બિલ ચુકવણી બાબતે બબાલ થતા હત્યા

બાયડ પોલીસ સ્ટેશન
(તસ્વીર:-જીત ત્રિવેદી, ભિલોડા)

ભીલોડા,

બાયડના દેહગામડા ગામના ૨૫ વર્ષીય વિક્રમ ગલાભાઈ ખાંટ નામના યુવકનો મૃતદેહ ગામની સીમમાંથી પસાર થતી વાત્રક નદીના કિનારે થી હત્યા કરેલી હાલતમાં મળી આવતા ભારે ચકચાર મચી હતી યુવકની હત્યાના પગલે બાયડ પોલીસ ઘટનસ્થળે દોડી આવી યુવકના મૃતદેહને પી.એમ માટે મોકલી આપી બાયડ પી.એસ.આઈ બ્રહ્મભટ્ટ અને તેમની ટીમે ૨૪ કલાકમાં યુવકની હત્યાને અંજામ આપનાર ૪ યુવકોને દબોચી લઈ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હતો

બાયડના દહેગામડા ગામના ૨૫ વર્ષીય વિક્રમ ખાંટ તેના ગામના અન્ય મિત્રો સાથે ઉત્તરાયણ પર્વના સાંજના સુમારે ક્રિકેટ રમવા ગયા બાદ ઘરે પરત ન ફરતા અને બીજા દિવસે ગામ નજીક પસાર થતી નદી કિનારે થી યુવકની લાશ મળી આવતા બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વિવિધ ટિમો બનાવી પી.એસ.આઈ કે.ડી.બ્રહ્મભટ્ટે યુવકના પ્રેમ પ્રકરણ, અગાઉ થયેલી માથાકૂટ સહીત વિવિધ દિશાઓમાં તપાસ હાથધરી ઉત્તારાયણ પર્વમાં યુવક સાથે સાંજના સુમારે છેલ્લે સાથે જોવા મળેલા ચાર મિત્રોની આગવી ઢબે પૂછપરછ કરતા હત્યાનો ભેદ ઉકેલાયો હતો મૃતક યુવક વિક્રમ ઉત્તરાયણ પર્વની સાંજે તેના ચાર મિત્રો સાથે બાયડ ખાતે ઈંડાની લારી પર ઈંડા ખાદ્યા બાદ બિલ ચુકવણી અંગે બબાલ થયા પછી ત્યાંથી આગળ બાયડ આર્ટસ કોલેજ જોડે ફરીથી પાંચે મિત્રોમાં બબાલ થતા અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બાયડના રતનપૂર ના કાળાભાઈ બુધાભાઈએ વિક્રમને ધક્કો મારતા રોડ પર પટકાતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે મોત નિપજતા ગભરાઈ ઉઠેલા ૧) કાળા ભાઈ બુધાભાઈ પરમાર (રહે,રતનપુર) , ૨) ઉમેશ અમૃતભાઈ ઝાલા , ૩) ગુલાબ બેચરભાઈ ખાંટ (બંને,રહે દહેગામડા) ,૪) ભલાભાઈ ફુલાભાઈ સોલંકી (રહે, ચટપટિયા, તા-કપડવંજ) શખ્શોએ મૃતકની લાશને વાત્રક નદીમાં મૂકી ફરાર થઈ ગયા હોવાની કબૂલાત કરી લેતા ચારેય હત્યારાને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા બાયડ પંથકમાં ચારેય હત્યારાઓ સામે ભારે ફીટકારની લાગણી વરસાવી હતી.

અમદાવાદ થી ચાલનારી લખનઉ, વારાણસી, અલ્હાબાદ તથા કટરા એક્સપ્રેસ હવે એલ એચ બી રેક થી ચાલશે

અમદાવાદ,

પશ્ચિમ રેલવે દ્વારા લેવામાં આવેલ નિર્ણય અનુસાર અમદાવાદ થી ચાલનારી ૧૯૪૦૧/૧૯૪૦૨ અમદાવાદ-લખનઉ, ૧૯૪૦૭/૧૯૪૦૮ અમદાવાદ-વારાણસી, ૧૯૪૧૫/૧૯૪૧૬ અમદાવાદ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા તથા ૨૨૯૬૭/૨૨૯૬૮ અમદાવાદ-અલ્હાબાદ એક્સપ્રેસ ટ્રેનો ૨૪ જાન્યુઆરી ૨૦૧૯ થી એલ એચ બી રેક થી ચલાવવામાં આવશે.

દાંતીવાડા જવાહર નવોદય વિદ્યાલય માં ધોરણ-૯ ની પ્રવેશ પરીક્ષા તા. ૨ ફેબ્રુઆરીના રોજ યોજાશે

પાલનપુર,

ભારત સરકારશ્રીના માનવ સંસાધન વિકાસ મંત્રાલય-શિક્ષણ વિભગ, નવી દિલ્હી દ્વારા સંચાલિત જવાહર નવોદય વિદ્યાલય, દાંતીવાડા જિલ્લા-બનાસકાંઠા ધોરણ-૯ માં ખાલી પડેલ જગ્યાઓ માટેની પરીક્ષા-૨૦૧૯ તા.૦૨/૦૨/૨૦૧૯, શનિવારના રોજ યોજાનાર છે. આ પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો પરીક્ષા માટેના પ્રવેશપત્રો (એડમીટ કાર્ડ) નવોદય વિદ્યાલય સમિતિના પોર્ટલ nvsadmissionclassnine.in અથવા નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ navodaya.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૨૬મી જાન્યુઆરી, રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત પાલનપુર ખાતે સ્પોર્ટસ ડે ની ઉજવણી કરાઇ

(માહિતી બ્યુરો) પાલનપુર,

આગામી તા. ૨૬ જાન્યુઆરી-૨૦૧૯, રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વની બનાસકાંઠા જિલ્લા ના પાલનપુર ખાતે શાનદાર ઉજવણી થવાની છે. રાજય કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત જિલ્લાન વહીવટીતંત્ર દ્વારા વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તા. ૧૬ જાન્યુંઆરીના રોજ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા આદર્શ નિવાસી શાળાના સંકુલમાં સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રમત ગમત ક્ષેત્રે સિધ્ધિઓ હાંસલ કરનાર ખેલાડીઓને શિલ્ડ, પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય યુવા ભાજપના કારોબારી સભ્યશ્રી ડૉ. હિતેષભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે આપણા જિલ્લામાં ૨૬ મી જાન્યુઆરીની રાજકક્ષાની ઉજવણી થઈ રહી છે તે આપણા માટે આનંદ અને ગૌરવની બાબત છે. તેમણે કહ્યું કે રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં આપણે સૌ ઉત્સાહભેર જોડાઈ આ રાષ્ટ્રીય મહાપર્વની ભવ્ય રીતે ઉજવણી કરીએ. તેમણે રમત ગમત ક્ષેત્રે સારુ યોગદાન આપનાર ખેલાડીઓને અભિનંદન પાઠવતાં કહ્યું કે બનાસકાંઠા જિલ્લાના યુવાનોએ રમત ગમત ક્ષેત્રે ખુબ સારી સફળતા મેળવીને સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. આ પ્રસંગે કબડ્ડી, ૧૦૦ મી. દોડ, ૨૦૦ મી. દોડ અને એથ્લેટીક્સ રમતોમાં ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં જિલ્લા રમત ગમત અધિકારીશ્રી મુકેશભાઈ ઘોયા, અનુસૂચિત જાતિ વિભાગના નાયબ નિયામકશ્રી પરમાર, આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રી, શ્રી હેમંતભાઈ કાપડી, શ્રીમતી દ્રષ્ટીયબેન દવે સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને સારી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

નામ બદલેલ છે
મેં મારૂ નામ **રણદિપ કૌર પરમીન્દર સીંઘ** હતું તે બદલીને **છતવાણી સીમરન વિજયભાઈ** રાખેલ છે. સરનામું : ૨૬૯૩, ગણપત રામનો ડેલો, લુણસાવાડ, દરીયાપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
3286

નામ બદલેલ છે
મેં મારૂ નામ **નાચી અશ્વિનકુમાર શિવાભાઈ** હતું તે બદલીને **નાચી અશ્વિનકુમાર શિવપ્રસાદ** રાખેલ છે. સરનામું : ૭, આદિનાથ સોસાયટી, આશારામ ચોકડી નજીક, મોટેરા અમદાવાદ-૩૮૦૦૦૫
3285

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

VINYOFLEX LIMITED
Regd. Off : 307, Silver Chamber,
Tagore Road, Rajkot - 360 002.
CIN : L25200GJ1993PLC019830
Ph. : 0281-2468345, 2468776
Fax : 0281-2468839
Web site : www.vinyoflex.com
E mail : info@vinyoflex.com

NOTICE

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations 2015 that the meeting of the Board of Directors of the Company is scheduled to be held on 30th January 2019, Wednesday at 04.00 P.M. at the registered Office of the Company for taking on record of the unaudited Financial Results for the quarter ended on 31st December 2018.

This information is also available on the company`s
Website at : www.vinyoflex.com
and on website of the
Stock Exchange i.e. BSE
Website at : www.bseindia.com

by Order & behalf of the
Board of Directors
for Vinyoflex Ltd.
Place : RAJKOT
Date : 17-1-2019
CS. Hetal Lodhiya
Company Secretary
& Compliance Officer